આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-11-11-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

-------------------------------------------------------------------

# મુખ્યમંત્રી : ચોર્યાસી કડવા પાટીદાર સંકૂલ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કોબા - અડાલજ રોડ પર આવેલ અંબાપુર ખાતે ચોર્યાસી કડવા પાટીદાર સમાજ વિકાસ ટ્રસ્ટ દ્વારા ૩૨ કરોડના ખર્ચે બનેલ સંસ્કાર સંકુલ ભવનનું ઉદઘાટન કર્યું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ચોર્યાસી સમાજ સંસ્કાર સંકુલ સમાજના યુવાનોને આગળ વધવા માટે મહત્વનું કેન્દ્ર બનશે. શિક્ષણ - સંસ્કારની સાથે સહુના સહિયારા પ્રયાસથી કોઈ પણ સમાજનો વિકાસ થતો હોય છે.

શ્રી પટેલે વધુમાં ઉમેર્યું કે, દેશના બધા સમાજ આજે શિક્ષણની બાબતમાં જાગૃત થયા છે, દરેક સમાજ શિક્ષણને લઈને કઈ રીતે સમાજ માટે ઉપયોગી થઇ શકીએ તે માટે પ્રયત્નો કરી રહ્યા છે.

RNU અમદાવાદ

-------------------------------------------------------------------

RNU BHUJ

## COP-29 પરીષદ – રાજ્યમંત્રી કનુભાઈ દેસાઈ

યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (COP29)ની 29મી પરિષદ અઝર બૈજાનના બાકુમાં આજથી 22 નવેમ્બર સુધી યોજાશે. આ પરિષદમાં નાણા-ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈના નેતૃત્વમાં ગુજરાતનું પ્રતિનિધિમંડળ ભાગ લેશે.

આ પરિષદમાં ગ્લોબલ વોર્મિંગને આબોહવા પરિવર્તન દ્વારા મહત્વાકાંક્ષી ઉત્સર્જન ઘટાડવા લક્ષ્યાંકો અને મજબૂત ક્લાયમેટ માટે વૈશ્વિક પ્રયાસોને વેગ આપવા ૨૦૦થી વધુ દેશો વિચાર વિમર્શ કરશે. ગુજરાત પુનઃપ્રાપ્ય ઉર્જા પહેલને પ્રોત્સાહન આપવા, સ્વચ્છ ટેકનોલોજીમાં રોકાણને પ્રોત્સાહન આપવા અને આબોહવા સ્થિતિ સ્થાપકતા માટે નવીન ઉકેલોને આગળ વધારવાના નવીન પ્રયાસોની ભૂમિકાને પ્રકાશિત કરાશે.

**RNU અમદાવાદ**

---

## ભારતના 51માં મુખ્ય ન્યાયમુર્તિ શપથ

ભારતના મુખ્ય ન્યાયમુર્તી ડી.વાય. ચંદ્રચુડની નિવૃતિ બાદ આજે સંજીવ ખન્ના ભારતના 51માં ચીફ જસ્ટીશ ઓફ ઈન્ડિયાના પદના શપથ લેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી ખન્નાએ કાશ્મીરમાંથી 370 હટાવવા તથા ઈવીએમ જેવા મુદા પર મહત્વના ચુકાદા આપ્યા છે.

**RNU અમદાવાદ**

---

## વાવ વિધાનસભા પેટાચૂંટણી

વાવ વિધાનસભા પેટાચૂંટણી માટે મતદાન આગામી તારીખ 13મી નવેમ્બર બુધવારના યોજાશે ત્યારે ભારતીય જનતા પાર્ટીએ કડક કાર્યવાહી કરી છે. પેટાચૂંટણીમાં ભાજપ સાથે બળવો કરીને અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડનારા માવજી પટેલ સહિત બનાસકાંઠા જિલ્લાના પાંચ આગેવાનોને પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ ભાજપે પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા છે.

જેમાં ભાભર માર્કેટ યાર્ડના પૂર્વ ચેરમેન લાલજી ચૌધરી, જિલ્લા ખરીદ વેચાણ સંઘના પૂર્વ ચેરમેન દેવજી પટેલ, ભાભર માર્કેટ યાર્ડના ચેરમેન દલરામ પટેલ, અને જામાભાઇ પટેલનો સમાવેશ થાય છે.

દરમિયાન ભાજપ કોંગ્રેસ અને અપક્ષના ઉમેદવારો દ્વારા ગામડાઓમાં ડોર ટુ ડોર પ્રચાર કરવામાં આવી રહ્યો છે.

**RNU અમદાવાદ**

---

RNU

## રાજ્ય : નમો લક્ષ્મી –નમો સરસ્વતી યોજના

રાજ્યમાં નમો લક્ષ્મી યોજના હેઠળ અત્યાર સુધીમાં સાત લાખથી વધુ વિદ્યાર્થીનીઓને **174** કરોડ રૂપિયાની અને નમો સરસ્વતી યોજનામાં એક લાખથી વધુ વિદ્યાર્થીઓને આશરે **40** કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

રાજ્યના વિદ્યાર્થીઓને અમૃતકાળમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત ભવિષ્યલક્ષી શિક્ષણ મળી રહે તે હેતુથી વર્ષ ૨૦૨૪ - ૨૫ના બજેટમાં શિક્ષણ ક્ષેત્રે બે નવી યોજના 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.

**RNU અમદાવાદ**

----------------------------------------------------------------------

## રાજ્ય : મોબાઈલ હેલ્થ યુનિટ

રાજ્યના છેવાડાના નાગરિકોને આરોગ્યલક્ષી પાયાની સુવિધાઓ મળી રહે તેવા આશયથી હાલ રાજ્યમાં ૧૨૮ મોબાઇલ હેલ્થ યુનિટો કાર્યરત છે. જેમાં ૪૫ મોબાઈલ હેલ્થ યુનિટ, ૩૦ મોબાઈલ મેડિકલ યુનિટ તેમજ ૫૩ મોબાઈલ હેલ્થ યુનિટનો સમાવેશ છે. જેમાં સૌથી વધુ કચ્છ જિલ્લામાં ૧૪, વલસાડમાં ૧૧ અને બનાસકાંઠામાં ૯ મોબાઈલ હેલ્થ યુનિટ કાર્યરત છે.

છેલ્લા એક વર્ષમાં મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા ૩૮ હજાર ૯૯ રૂટ કરી ૨૩ લાખ ૬૦ હજારથી વધુ નાગરિકોને ઓન રૂટ ઓ.પી.ડી. સેવાઓ અપાઈ છે.

**RNU અમદાવાદ**

----------------------------------------------------------------------

## ભુજ : કચેરી સ્થળાંતર

જિલ્લા મથક ભુજ ખાતે જિલ્લા ઉધોગ કેન્દ્રથી રિલાયન્સ પેટ્રોલપંપ જતા રોડ પર બનાવાયેલા નવા ભવનમાં આજથી નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્રેજાટ તથા મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્રેઝોટ - શહેરની કચેરી કાર્યરત થશે. આ કચેરી હસ્તકની કામગીરી માટે નવા સરનામે સંપર્ક કરવા પ્રાંત અધિકારી ડો. એ.બી. જાદવની એક યાદીમાં જણાવાયું છે.

**N.P.**

---

## ગાંધીધામ : ચેમ્બર ઓફ કોમર્સ સંવાદ સત્ર

ગાંધીધામ ખાતે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સંવાદ સત્રનું આયોજન કરાયું હતું. જેમાં જિલ્લાના વેપાર, ઉધોગ અને સામાન્ય લોકોના હિતમાં રેલવે સુવિધાઓ વધારવા માટે રેલવે બોર્ડ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. આ સત્રમાં વેપાર ઉધોગ જગતના અગ્રણીઓ તેમજ રેલવે તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**RNU અમદાવાદ**

---

## વડનગર : તાનારીરી સંગીત સમારોહ

વડનગરમાં ગઈકાલથી બે દિવસીય તાના-રીરી સંગીત સમારોહનો પ્રારંભ થયો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા આ મહોત્સવને ખુલ્લો મુકાયો.

**RNU** અમદાવાદ

---

## ક્રિકેટ : ભારત- દ. આફ્રિકા- બીજી ટી-20 મેચ

દક્ષિણ આફ્રિકાએ ભારતને બીજી ટી-20 મેચમાં 3 વિકેટે હરાવી ચાર મેચની શ્રેણી એક - એક મેચથી સરભર કરી હતી. ભારતના 6 વિકેટે 124 રનના જવાબમાં દક્ષિણ આફ્રિકાએ 7 વિકેટ ગુમાવી 127 કરી મેચ જીતી લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતે પ્રથમ ટી 20 મેચમાં દક્ષિણ આફ્રિકાને 61 રને હાર આપી હતી.

**RNU** અમદાવાદ

---

RNU BHUJ